બતકનો માળો

એવલીન શો

ચિત્ર: ચેરિલ પેપ




બતકનો માળો

એવલીન શો

ચિત્ર: ચેરિલ પેપ





જંગલમાં વસંત છે.

વૃક્ષો પર લીલા પાંદડા
આવ્યા છે.

નાના પક્ષી એના વસંત
ગીત ગાઈ રહ્યા છે.

એક નાના તળાવમાં

બે મોટા પક્ષી

સાથે તરી રહ્યા છે.

એ બતક છે.

નર બતકને ડ્રેક કહેવાય છે.

એને ચળકતાં પીંછા હોય છે

જે સૂર્યપ્રકાશમાં ચમકે છે.



માદા બતકને હેન કહેવાય છે.

એના પીંછા ચમકતા નથી.

એ બંને બતક સાથી છે.



માદા બતકનો
તળાવ પાસે એક માળો છે.
એ ડ્રેકથી તરીને દૂર જાય છે.
એ એની પાંખ ફફડાવે છે
અને ઉડીને એક ઝાડ પર જાય છે.



ઝાડના થડમાં એક
નાનું કાણું છે.
માદા બતક
એની મોટું શરીર
કાણાંમાં ઘુસાડે છે.



અંદર અંધારું અને શાંતિ છે.

આ જ એનો માળો છે.

માળો એના પીંછા

અને પાંદડાંના ટૂકડાનો બનેલો
છે.

માળામાં છ ઇંડા છે.





માદા બતકે છ દિવસો સુધી

રોજ એક ઇંડુ મૂક્યું છે.

આજે એણે બીજું એક ઇંડુ મૂક્યું.

પછી એ એના મોટા શરીરને

માળામાં ચારેબાજુ હલાવે છે.

એ ઇંડાને પીંછા અને પાંદડા

થી ઢાંકી રહી છે.

હવે એ સાપ અને

બીજા જાનવરોથી છુપાયેલા રહેશે.

માદા બતક ઝાડ પરથી ઉતરે છે.

નર બતક એની રાહ જોઈ રહ્યો છે.

એ અહીં-તહીં ઉડે છે.

એ બીજ, ઓકના ફળ, જાંબુ

અને નીંદણ શોધે છે.

એ પાણી પીએ છે.

એ એના પીંછાને સાફ

કરે છે અને ફૂલાવે છે.





રાતે,
માદા બતક અને નર બતક
એક ઝાડની ડાળી પર
એકસાથે આરામ કરે છે.




બીજે દિવસે વહેલી સવારે
માદા બતક એના ઝાડના માળા
તરફ ઉડીને જાય છે.
એ એના શરીરમાંથી બીજું
એક ઇંડુ મૂકે છે.

પછી એ એની છાતીમાંથી
મુલાયમ પીંછા ઉખેડે છે.
એ આ પીંછાને
એના માળામાં રાખે છે.



હવે માદા બતક માળામાં જ રહેશે.
લગભગ ત્રીસ દિવસો સુધી
એ એના ઇંડા પર બેસશે.
એનાથી ઇંડા ગરમ રહેશે.
પાંદડાઓ અને પીંછા
પણ એને ગરમ રાખશે.
ઇંડાની અંદર
બતકના બચ્ચા
મોટા થવા લાગશે.
માદા બતક દિવસનો
મોટા ભાગનો સમય અને
આખી રાત એના ઇંડા
પર બેસી રહે છે.



માદા બતક સવારે
અને સાંજે
ફક્ત થોડા સમય માટે
બહાર જાય છે.
નર બતક હંમેશા એના
આવવાની રાહ જુએ છે.

એ સાથે ઉડે છે.
એ ખાય-પીએ છે
અને એના પીંછા સાફ કરે છે.
પછી બંને પક્ષી
ઝાડ પર પાછા ફરે છે.
માદા બતક અંદર જાય છે.
નર બતક બહાર રહે છે.
એ માદા બતક બહાર આવે
ત્યાં સુધી એની રાહ જોશે.



દિવસો વીતે છે.

પ્રત્યેક ઇંડામાં

એક બચ્ચું બતક ઉછરી રહ્યું છે.

એનો ખોરાક ઇંડાની જરદી છે.

જરદી, ઇંડાનો પીળો ભાગ હોય છે.

ત્રીસ દિવસો પછી જરદી ખલાસ થઈ જાય છે.

નર બતકના બચ્ચા ઇંડામાંથી બહાર

નીકળવા માટે ઘણા મોટા થઈ જાય છે.

એ ઇંડાની અંદર વળી અને ઘૂમી શકે છે.

એક બતકનું બચ્ચું એનું

કોટલું ફોડવાનું શરુ કરે છે.

એને પીપિંગ કહેવાય છે.





બીજું એક બચ્ચું એનું કોટલું ફોડે છે,

પછી ત્રીજું, અને ચોથું.



થોડા કલાકમાં બધા

બતકના બચ્ચા

એના ઇંડામાંથી બહાર આવી
જાય છે.

એ ભીના અને ચીકણાં હોય છે.

એ એની માઁ ની આસ-પાસ

અહીં-તહીં ઉછળે છે.

માઁ ત્યાં સુધી માળામાં

બેસી રહે છે

જ્યાં સુધી બચ્ચાના પીંછા

સૂકાઈ ન જાય.

માદા બતક હળવા

અવાજો કરે છે.

અચાનક એ અટકી જાય છે.



માળાના કાણાં પાસે અવાજ આવે
છે.





એક ખિસકોલી એનું માથું
કાણાંમાં નાખે છે.
ઝાડની બખોલ ક્યારેક
એનું ઘર હતું.
પણ હવે એ
માદા બતકનું ઘર છે.
બતક એને અંદર નહીં આવવા દે.

બીજે દિવસે

નાના બતક સૂકા થઈ જાય છે.

એના પીંછા

મુલાયમ અને રૂંવાટીદાર હોય
છે.



પ્લી! પ્લી! પ્લી!

બચ્ચા એકબીજાને બોલાવે છે

અને કૂદકા મારે છે.

એ હવે માળો છોડવા તૈયાર છે.

એ તરવા અને પોતાનો

ખોરાક શોધવા તૈયાર છે.





માદા બતક કાણાંમાંથી બહાર જુએ
છે.

એને કોઇ જાનવર દેખાતું નથી.

હવે બહાર નીકળવું સુરક્ષિત છે.

માદા બતક તળાવમાં કૂદે છે.

કુક, કુક, કુક, કુક, કુક.

એ એના બચ્ચાને બોલાવે છે.



ઝાડના માળાની અંદર

બતકના બચ્ચા એ સાંભળે છે.

એ ઉપર નીચે ઉછળે છે.

એક બચ્ચું કાણાં સુધી ઉપર

ચઢી જાય છે.

બચ્ચું ચઢવા માટે

એના પંજાનો ઉપયોગ કરે છે.








બચ્ચું બહાર જુએ છે.

પછી એ એની પાંખ ફેલાવે છે

અને નીચે પાણીમાં કૂદી જાય છે.



બચ્ચું તરીને
એની માઁ પાસે જાય છે.
પછી બીજું એક બચ્ચું ઉડીને
નીચે આવે છે,
પછી ત્રીજું,
અને એના પછી ચોથું.
દરેક બચ્ચું, માદા બતક
તરફ તરીને જાય છે.



હવે છ બચ્ચા

માદા બતક સાથે છે.

એ એની સાથે તરવા માટે

તૈયાર થઇ રહી છે.

પણ એ રોકાઈ જાય છે.

માળામાંથી હજી પણ

અવાજો આવી રહ્યા છે.



બે બચ્ચા હજી પણ અંદર છે.

એ બીજા બધાની જેમ બળવાન

નથી.

એ કાણાંમાં ઉપર ચઢવાની

કોશિશ કરે છે,

પણ એ પાછા નીચે પડી જાય છે.







અંતે એક બચ્ચું
ઉપર પહોંચી જાય છે.
બીજું બચ્ચું પણ
ઉપર પહોંચી જાય છે.
એ બહાર કૂદે છે
અને માદા બતક તરફ તરે છે.

માદા બતક માળામાંથી
વધારે અવાજો સાંભળવાની
કોશિશ કરે છે,
પણ હવે એને બીજો કોઈ
અવાજ સંભળાતો નથી.
પછી એ આઠ બચ્ચાને
એની સાથે તરતા-તરતા
લઈ જાય છે.







હવે માદા બતક અને
એના બચ્ચા તળાવમાં જ રહેશે.

બતકના ઇંડા સેવવા પહેલા જ
નર બતક ઉડી ગયું હતું.
માદા બતકને બચ્ચાની દેખભાળ
પોતે જ કરવાની હતી.

ઘણા જાનવર બતકના બચ્ચા

ખાવાનું પસંદ કરે છે.

માદા બતક એના પર નજર રાખે
છે.

એ વિચિત્ર અવાજો સાંભળવા તૈયાર
રહે છે.



પરિવાર થોડી પાણીની વનસ્પતિ

પાસે તરે છે.

એક સ્નેપિંગ કાચબો

વનસ્પતિની અંદર સંતાયેલો છે.

માદા બતકને એની

જાણકારી નથી.



કાચબો નજીક આવે છે.

માદા બતક એને સાંભળે છે.

એ ચેતવણીનો સૂર કાઢે છે.

એ ઝડપથી તરે છે.

બતકના બચ્ચા પણ ઝડપથી તરે છે.

પણ એક બતકનું બચ્ચું

એટલી ઝડપથી તરી નથી શકતું.

સ્નેપિંગ કાચબો

એનું મોઢું ખોલે છે

અને બતકના બચ્ચાને ખાઈ જાય છે.





બીજે દિવસે સવારે,

એક મોટી માછલી

બતકના બચ્ચાનો પરિવાર જુએ છે.

એ તરીને આવે છે

અને બતકના એક બચ્ચાને

એના મોઢામાં પકડી લેય છે.



હવે ફક્ત છ બતકના બચ્ચા બચ્ચા છે.

લગભગ બે મહિના

એ એની માઁ ની પાસે રહેશે.


એ માઁ નો અવાજ સાંભળે છે.

એની માઁ જ્યાં જાય ત્યાં એ

એની પાછળ જાય છે.







એ ડ્રેગનફ્લાય,
ખડમાકડી,
અને મચ્છરોનો પીછો
કરે છે.

પહેલા તો
બતકના બચ્ચા
એને પકડી શકતા નથી.
પણ એ વારે-વારે કોશિશ કરે છે.
અંતે, એ એને બહુ તેજીથી
પકડી લેય છે.
બતકના બચ્ચા બીજ પણ ખાય છે.



બતકના બચ્ચા

એ જાનવરોથી છુપાવાની

કોશિશ કરે છે

જે એને ખાઇ શકે છે.

તળાવમાં એ પાણીની

નીચે ડૂબકી મારે છે.





એ જમીન પર બેસે છે

અને જરાય હલતા નથી.



દિવસો વીતે છે.

બતકના બચ્ચા મોટા થઈ રહ્યા છે.

એના બચ્ચાના પીંછા પડી જાય છે

અને ઉડવાના પીંછા ઉગે છે.

હવે એને માદા બતકની

દેખભાળની જરૂર નથી.

એ પોતે ઉડી શકે છે.



થોડા સમયમાં એ અન્ય

બતકો સાથે મળે છે

અને શિયાળા માટે ઉડી જાય છે.

માદા બતક પણ એવું જ કરે છે.

આવતી વસંતમાં જયારે એક

નાનું માદા બતક

તળાવ તરફ ઉડે છે

તો એની સાથે

એક નર બતક પણ હોય છે.

એ એનું સાથી છે.

માદા બતક માળો શોધી રહી છે.

એ ઝાડના કાણાંમાં જુએ છે.

એક કાણું લક્કડખોદનું છે.

બીજું કાણું ખિસકોલીનું છે.

ત્રીજું કાણું ખાલી છે,

પણ એ એમાં જતી નથી.





યુવાન માદા બતક

બીજા એક કાણાંમાં જાય છે.

અંદર બહુ અંધારું અને શાંતિ છે.

કાણાંમાં પીંછા અને પાંદડાંના ટૂકડા
છે.

એ એક જૂનો માળો છે,

જેને કોઇ બીજી

માદા બતકે બનાવ્યો હશે.

યુવાન માદા બતક

એના ઇંડા મૂકવા


આ જગ્યા પસંદ કરે છે.

આ એક ખાસ જગ્યા છે,

પણ માદા બતકને

એની ખબર નથી.





આ એ જ માળો છે
જ્યાં ગયા ઉનાળામાં
એનું ઇંડુ ફૂટ્યું હતું.